# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

********************************************************

1) ભારતે 2023-24 માં સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાર સુધીની સૌથી વધુ વૃદ્ધિ હાંસલ કરી.

2) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ દેશના તમામ જિલ્લાઓમાં સઘન ટીબી નાબૂદી અભિયાન હાથ ધરવાની જાહેરાત કરી.

3) કર્ણાટક કેડરની 1987ની બેચના આઇએએસ અધિકારી અજય શેઠ નવા નાણાં સચિવ તરીકે નિયુક્ત.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા.

5) IPL ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે છેલ્લી ઓવરની રોમાંચક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સને એક વિકેટથી હરાવ્યું- આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DEFENCE PRODUCTION

મેક ઇન ઇન્ડિયા પહેલની શરૂઆત થઈ ત્યારથી ભારતે 2023-24 માં સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાર સુધીની સૌથી વધુ વૃદ્ધિ હાંસલ કરી છે, જે વિક્રમી એક લાખ 27 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, સંરક્ષણ ઉત્પાદનનું મૂલ્ય 174 ટકા વધ્યું છે, જે 2014-15 માં 46 હજાર 429 કરોડ રૂપિયા હતું.

મંત્રાલયે જણાવ્યું કે, એક સમયે વિદેશી પુરવઠાકારો પર નિર્ભર દેશ હવે સ્વદેશી ઉત્પાદનમાં વધતી જતી શક્તિ તરીકે સ્થાપિત થયો છે અને સ્વદેશી ક્ષમતાઓ દ્વારા તેની લશ્કરી શક્તિને આકાર આપી રહ્યો છે. સંરક્ષણ નિકાસ પણ 686 કરોડથી વધીને 21 હજાર કરોડ રૂપિયાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે, જે છેલ્લા દાયકામાં 30 ગણો વધારો દર્શાવે છે.

## NADDA TB ABHIYAN

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ દેશના તમામ જિલ્લાઓમાં સઘન ટીબી નાબૂદી અભિયાન હાથ ધરવાની જાહેરાત કરી છે. અગાઉ, આ અભિયાન 455 પસંદ કરેલા ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા જિલ્લાઓમાં લાગુ કરવામાં આવ્યું હતું. ગઈકાલે નવી દિલ્હીમાં વિશ્વ ક્ષય રોગ દિવસ 2025 શિખર સંમેલનને સંબોધતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, 100 દિવસના ક્ષય રોગ મુક્ત ભારત અભિયાન દરમિયાન લગભગ 13 કરોડ લોકોની તપાસ કરવામાં આવી હતી અને સાત લાખથી વધુ નવા દર્દીઓમાં આ રોગનું નિદાન થયું હતું.

આરોગ્ય મંત્રીએ માહિતી આપી કે, ટીબીનો વૈશ્વિક સરેરાશ ઘટાડો દર 8.3 ટકા છે, જ્યારે ભારતમાં ઘટાડો દર 17.7% છે, જે બમણાથી પણ વધુ છે. શ્રી નડ્ડાએ જણાવ્યું..

## (Byte: જે. પી. નડ્ડા)

# NEW FINANCE SECRETARY

કર્ણાટક કેડરની 1987ની બેચના આઇએએસ અધિકારી અજય શેઠને નવા નાણાં સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. શેઠ હાલમાં નાણાં મંત્રાલયમાં આર્થિક બાબતોના વિભાગના સચિવ છે. કાર્મિક મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર આદેશમાં કહેવામાં આવ્યું છે કે, મંત્રીમંડળની નિમણૂક સમિતિએ શેઠને નાણાં સચિવ તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી છે. પરંપરા અનુસાર, કેન્દ્રીય નાણાં મંત્રાલયમાં સૌથી વરિષ્ઠ સચિવને નાણાં સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવે છે. આ મહિનાની શરૂઆતમાં શેઠને મહેસૂલ સચિવનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

# DELHI ASSEMBLY

દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની સરકાર આજે વિધાનસભામાં નાણાકીય વર્ષ 2025-26 નું બજેટ રજૂ કરશે. આવતીકાલે ગૃહમાં બજેટ પર ચર્ચા થશે. ચર્ચા બાદ બીજા દિવસે વિધાનસભામાં બજેટ પસાર કરવામાં આવશે.

દિલ્હી વિધાનસભાનું પાંચ દિવસનું સત્ર ગઈકાલે શરૂ થયું હતું. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ દિલ્હી પરિવહન નિગમ-ડીટીસીની કામગીરી પર નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કેગ)નો અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલ પર ચર્ચા આજે પણ ચાલુ રહેશે.

## AIRLINES ORDER

ભારતની વિવિધ એરલાઈન્સે વર્ષ 2023 અને 2024માં કુલ એક હજાર 359 વિમાનોના ઓર્ડર આપ્યા છે, જેમાં 999 વિમાનના ઓર્ડર 2023માં અને 360 નવા ઓર્ડર 2024માં અપાયા હતા. હાલ, દેશમાં વિવિધ એરલાઈન્સના કુલ 680 વિમાન પ્રવાસીઓ માટે કાર્યરત છે જ્યારે કુલ 133 વિમાન ભૂમિગત છે.

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ભારતમાં પેસેન્જર એરલાઈન્સ સંબંધે પૂછેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રી મુરલીધર મોહોલે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, અત્યારે દેશમાં 105 વિમાનો 15 વર્ષ કરતા પણ જૂના છે, જેમાંથી 43 વિમાન એર ઈન્ડિયાના તેમજ 37 વિમાન એર ઈન્ડિયા એક્સપ્રેસ લિમિટેડના છે.

હાલ સેવારત 680 વિમાનમાંથી, 319 વિમાન ઈન્ટરગ્લોબ એવિયેશન લિ.ના-ઈન્ડિગો), 198 એર ઈન્ડિયા અને 101 એર ઈન્ડિયા એક્સપ્રેસના તેમજ બાકીના અન્ય એરલાઈન્સના વિમાન છે. ભારતમાંથી છેલ્લા બે વર્ષમાં સૌથી વધુ સંખ્યામાં વિમાનના ઓર્ડર ઈન્ડિગોએ આપ્યા છે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે આકાશવાણી પર પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા છે. આ માસિક રેડિયો કાર્યક્રમની 120મી કડી હશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ આ મહિનાના મન કી બાત કાર્યક્રમ માટે વિવિધ પ્રકારના સૂચનો મળવાથી ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આ સૂચનો સામાજિક કલ્યાણ માટે સામૂહિક પ્રયાસોની શક્તિને પ્રદર્શિત કરે છે.**

**લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ તેમના સૂચનો ઑનલાઇન મોકલી શકે છે. આગામી કડી માટેના સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.**

તેનું આકાશવાણી સમાચાર, ડીડી સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇ. પી. એલ.) ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સે ગઈકાલે રાત્રે વિશાખાપટ્ટનમના વાય. એસ. રાજશેખર રેડ્ડી ક્રિકેટ સ્ટેડિયમમાં છેલ્લી ઓવરની રોમાંચક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સને એક વિકેટથી હરાવ્યું હતું. લખનઉ સુપર જાયન્ટ્સ દ્વારા નિર્ધારિત 210 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે 19.3 ઓવરમાં નવ વિકેટે 211 રન બનાવી જીત પ્રાપ્ત કરી હતી. એક તબક્કે દિલ્હી પાંચ વિકેટે 65 રન પર સંઘર્ષ કરી રહ્યું હતું, પરંતુ પ્રભાવશાળી ખેલાડી આશુતોષ શર્માએ નવોદિત વિપરાજ નિગમ સાથે મળીને રમતને દિલ્હીની તરફેણમાં ફેરવી દીધી હતી.

આશુતોષે 31 બોલમાં અણનમ 66 રનની આક્રમક ઇનિંગ રમી હતી, જ્યારે વિપરાજ નિગમે માત્ર 15 બોલમાં 39 રન બનાવ્યા હતા. આશુતોષે છગ્ગો ફટકારીને જીત અપાવી હતી, અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

અગાઉ દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ લીધી હતી. લખનઉ સુપર જાયન્ટ્સ વતી મિચેલ માર્શે 72 અને નિકોલસ પુરને 75 રન બનાવ્યા હતા.

આજે સાંજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

# NTA DATE EXTENSION

નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTAએ કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET) અંડર ગ્રેજ્યુએટ 2025 માટે ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા આજ સુધી લંબાવી છે. એક અખબારી યાદીમાં, એનટીએએ જાહેરાત કરી કે, પરીક્ષા ફી જમા કરવાની સમયમર્યાદા સુધારીને 25મી માર્ચ કરવામાં આવી છે, જ્યારે 26મી થી 28 માર્ચ સુધી સુધારો કરી શકાશે.

CUET-UG 2025 આ વર્ષે 8મી મે થી 1 જૂન સુધી કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ સ્વરૂપમાં દેશભરના વિવિધ કેન્દ્રો અને વિદેશના 15 શહેરોમાં યોજાશે.

# FINANCE BILL

લોકસભામાં વિચારણા અને પસાર કરવા માટે નાણાં વિધેયક 2025 ગઈ કાલે રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલમાં નાણાકીય વર્ષ 2025-2026 માટે કેન્દ્ર સરકારની નાણાકીય દરખાસ્તોને અમલમાં મૂકવાની દરખાસ્ત છે. નાણા વિધેયક પર ચર્ચા આજે આગળ ધપશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- સાંસદોના પગાર વધારાના સમાચારને તમામ અખબરોએ મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.. ગુજરાત સમાચાર લખે છે .. સાંસદોને મોંઘવારી ફળી,પ્રજાની હાડમારી જૈસે થે..
- નવગુજરાત સમય લખે છે.. રીંગણાં લઉં બે ચાર, લે ને ભાઈ દસ-બાર.. સાંસદોના પગારમાં અચાનક 24 ટકાનો વધારો
- ફૂલછાબની હેડલાઇન છે .. સાંસદોનો પગાર સવાયો : 24 ટકાનો વધારો
- દિવ્ય ભાસ્કર લખે છે સંસદોના પગારમાં 25 ટકા વધારો, ફર્સ્ટ એસીમાં સીટ,34 હવાઈ મુસાફરી, 50 હજાર યુનિટ મફત વીજળી.. તો સંદેશ લખે છે સાંસદોને બખ્ખાં પગાર પેન્શનમાં 24 ટકા સુધીનો વધારો
- સ્ટેન્ડઅપ કોમેડિયન કુમાર કામરાના સમાચારોને પણ મુખ્ય પાનાંમાં સમાવતા નવગુજરાત સમય લખે છે શિંદે પર માનહાનિકારક ટિપ્પણી બદલ કામરા સામે FIR....સંદેશનું શીર્ષક છે.. શિંદે અંગે ટિપ્પણી કુણાલ કામરાનો વિવાદ ઘેરાયો..
- ગુજરાત સમાચારની અન્ય હેડલાઈન્સ છે.. ટ્રમ્પનું રેસિપ્રોક્લ ટેરિફનું વલણ ફૂણું પાડવાના સંકેતો મળ્યા..
- સ્થાનિક સમાચારોમાં ગુજરાત સમાચારે.. ગિફ્ટ સિટીમાં 24 હજાર લિટર વિદેશી દારૂ-બીયર પીવાયા 94 લાખની કમાણી- શીર્ષકને સ્થાન આપ્યું છે તો દિવ્ય ભાસ્કરે EDએ ક્રેડિટબુલ્સના ધવલ સોલાનિની 1.09 કરોડની મિલકતો ટાંચમાં લીધી... ને શીર્ષક બનાવ્યું છે નવગુજરાત સમય લખે છે.. ઇન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ સુધીના ત્રીજા તબક્કાના રિવરફ્રન્ટનું કામ ટુંકમાં શરૂ થશે.